## ડાયરેક્ટ ❤ સે

લગ્ન પહેલાં
દુનિયા ફરી લેવી જોઈએ
કારણ કે
લગ્ન પછી
દુનિયા ફરી જાય છે

## જન્મદિને વધામણી



કૌશલકુમાર વિનયકુમાર ગજ્જર
મો. ૯૮૨૪૫ ૨૭૨૧૭

# એસ કે પટેલ સ્કૂલ ખાતે ફ્રૂટ ડેની ઉજવણી કરાઈ



સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ પ્રિ પ્રાયમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે તાજેતરમાં ''ફ્રૂટ ડે'' ઉજવાઈ ગયો. આ નિમિત્તે બાળકો પોતાના લંચ બોક્સમાં વિવિધ પ્રકારના ફ્રૂઈટ્સ લઈને આવ્યાં હતા. અને હોંશે-હોંશે તેમણે આ ફ્રૂટ્સ નાસ્તામાં આરોગ્યા હતા. શિક્ષકોએ બાળકોએ લાવેલા વિવિધ ફળો વિશે તેમને વિસ્તારથી જ્ઞાન આપ્યું હતું અને ફળ ખાવાના ફાયદા પણ જણાવ્યા હતા. આ દિવસે શિક્ષકો પણ પોતાની સાથે વિવિધ ફળો લઈને આવ્યા હતાં. આજ-કાલ બાળકો જંક ફૂડ અને હોટલના નાસ્તા પ્રત્યે વધારે રુચિ ધરાવતા થઈ ગયા છે ત્યારે તેઓ ફળો અને તેમનું મહત્ત્વ સમજે અને બજારુ ખોરાક તરફથી પૌષ્ટિક ખોરાક તરફ વળે, તે હેતુથી આ ''ફ્રૂટ ડે''ની ઉજવણી સ્કૂલ દ્વારા કરવામાં આવી હતી.

# નૅશનલ ટે-ક્વોન-ડો ચૅમ્પિયનશીપમાં ગાંધીનગર ટીમે રનર્સ-અપ સ્થાન મેળવ્યું



ગાંધીનગર, તા. ૨૯

૨૨થી ૨૪ જુલાઈ, ૨૦૧૭ દરમિયાન વડતાલ, આણંદ ખાતે નૅશનલ ટેક્વોન ડો ચૅમ્પિયનશીપ 'ઑલમ્પિયા કપ - ૨૦૧૭'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર ટેક્વોન ડો ઍસોસિએશનના ખેલાડીઓએ ૧૫ ગોલ્ડ, ૬ સિલ્વર, ૯ બૉન્ઝ સહિત ૩૦ મૅડલ મેળવી રનર્સ-અપ ટ્રૉફી પ્રાપ્ત કરી હતી.

ટીમના ખેલાડી સેસા પટેલ, હેતલ પરમાર, જીયા શાહ, કોમલ શર્મા, નેન્સી પટેલ, અનંદ દહીયા, કિશન પ્રજાપતિ, સાહિલ ભાવસાર, યુગ મહેતા, અજય શર્મા, નિલાંશુ શાહ, પ્રણવ ડભોયા, ધૃવ જશાની, કમલેશ ચોરસીયા, જીતનારાયણ યાદવને ગોલ્ડ મૅડલ, પ્રાજક્તા દેવલાલીકર, દિયા ચુડાસમા, જીયા સોલંકી, ફેનિલ પટેલ, આરવ કડીયા અને રાજુ ડાંગીને સિલ્વર મૅડલ તથા વિધીબા ચાવડા, મેધા લેઉવા, ખુશ પટેલ, મિલાપ ટાટરીયા, રિશી શાહ, મીત પટેલ, હર્લી નિનામા, વેદ શુક્લા, મલ્હાર પરમારને બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત થયો હતો.

આ ટીમનું નેતૃત્વ કોચ જયદીપ વાઘેલા, રોનક કંસારાએ કર્યું હતું, માર્ગદર્શન કોચ મિલન કંસારા અને અજય જાડેજાએ આપ્યું હતું. ચીફ કોચ જતીન દવે તથા ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી દ્વારા વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# મૅડિકલ-પેરા મૅડિકલ માટે છ પ્રકારનાં મૅરિટ જાહેર કરાયાં

ગાંધીનગર, તા. ૨૯

મેડિકલ-પેરા મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા તમામ કોર્સમાં પ્રવેશ માટે ગુરુવારથી મોક રાઉન્ડનું ચોઈસ ફિલિંગની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પહેલી વખત મેડિકલ-પેરા મેડિકલમાં ઓનલાઈન એડમીશન કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત મેડિકલ-ડેન્ટલ સહિતના પાંચ કોર્સમાં નીટના આધારે અને અન્ય છ કોર્સમાં નીટ વગર એટલે કે ધો. ૧૨ના મેરિટના આધારે પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરાયુ છે. જેના લીધે પ્રવેશ સમિતિ દ્વારા કુલ છ પ્રકારના મેરિટલિસ્ટ બહાર પાડવામાં આવ્યા છે. તમામ ૧૧ કોર્સ માટે મોક રાઉન્ડ શરૂ કરવામાં આવ્યુ છે. પરંતુ પ્રવેશ પ્રક્રિયા હાલ માત્ર મેડિકલ-ડેન્ટલ માટે કરવામાં આવી રહી છે. જયારે પેરા મેડિકલ માટે તા.૧૪મી થી કાર્યવાહી શરૂ કરાશે.

નીટના આધારે મેડિકલ, ડેન્ટલ,આયુર્વેદ, નેચરોપથી અને હોમિયોપેથી એમ, પાંચ કોર્સમાં પ્રવેશ કાર્યવાહી થવાની છે. નીટ ના આધારે થનારા પ્રવેશ માટે હાલ સમિતિ દ્વારા ૧૮૨૨૦ વિદ્યાર્થીઓનું મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં નીટમાં પહેલા ક્રમે સેન્ટ્રલ બોર્ડનો વિદ્યાર્થી યથ વસા આવ્યો છે. જે ઓલ ઈન્ડિયામાં ૨૩માં રેન્કમાં છે. નીટના મેરિટલિસ્ટમાં કુલ ૧૮૨૨૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં એસ.ટી. કેટેગરીના ૧૧૪૨, એસઈબીસી કેટેગરીના ૬૦૪૫, એસ.સી. કેટેગરીના ૧૪૬૨, એનઆરઆઈ કેટેગરીના ૧૦૯ અને ઓપન કેટેગરીના ૯૬૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે.

ધો.૧૨ના આધારે ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, નર્સિંગ, ઓર્થોટીક્સ, ઓડીયોલોજી અને એક્યુપેશનલ થેરાપ જેવા કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે. આ પાંચ કોર્સ માટેના જાહેર કરાયેલા મેરિટમાં ૩૧૬૦૯ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. ધો.૧૨ના આધારે છ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા માટે જુદા જુદા ચાર પ્રકારના મેરિટલિસ્ટ જાહેર કરાયા છે. ગુજરાત બોર્ડમાં કુલ ૨૯૭૫૬ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ માટે જાહેર કરાયેલા મેરિટમાં કુલ ૧૭૨૨ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે.

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે રમતોત્સવનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંલગ્ન પી કે ચૌધરી કૉલેજ ખાતે ઍથ્લેટિક્સ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

દોડની સ્પર્ધામાં મિત્તલ એન ચૌધરી, જાનકી ચૌધરી, ચંદ્રા ચૌધરી, ભાવના ચૌધરી, હાઈ જમ્પમાં કિર્તી ચૌધરી, શોટ પુટ સ્પર્ધામાં કિરણ ચૌધરી, ચક્ર ફેંકમાં ભાવના ચૌધરી, ટ્રીપલ જમ્પમાં કિર્તી ચૌધરી, બરછી ફેંકમાં મમતા ચૌધરીએ વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું.

સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા કૅમ્પસ, ગાંધીનગર ખાતે કુસ્તી સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમાંકે મીનાક્ષી ચૌધરી, મિત્તલ ચૌધરી, દૃષ્ટિ ચૌધરી, નિમિષા ચૌધરી અને દ્વિતિય ક્રમે સંગીતા ચૌધરી, પવિ ચૌધરી વિજેતા બન્યાં હતાં.

શાળા પરિવાર તથા આચાર્ય સંતોકબેન ચૌધરી દ્વારા સ્પર્ધાઓમાં ભાગ લેનાર અને વિજેતા બનનાર તમામ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સૅક્ટર-૬ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ



શહેરના સૅક્ટર-૬ ખાતે નગરસેવક રાકેશ પટેલ અને સ્થાનિક કિશોરીઓ રિયા નિમાવત, જાહ્નવી પારેખ, માહિ તિવારી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રાકેશ પટેલની ગ્રાન્ટમાંથી ટ્રી ગાર્ડ પણ આ વૃક્ષો માટે આપવામાં આવ્યાં હતાં. સ્થાનિક વસાહતીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ યુનિવર્સિટી ખાતે વિશિષ્ટ કાર્યક્રમ 'રક્ષક'નું આયોજન



ગાંધીનગર, તા. ૨૯

સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં કારગીલ સરહદે શહીદ થયેલા સૈનિકોના માનમાં 'રક્ષક : ધ રિયલ હીરો' નામક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરહદ પર ફરજરત જવાનોને પ્રોત્સાહન આપવા તેમજ તેમના પ્રત્યે આદરભાવના, આત્મીયતા અને આભારની લાગણી પ્રગટ કરવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો આરંભ સંદેશ ન્યૂઝ દ્વારા કરવામાં આવ્યો છે. આ વિશિષ્ટ કાર્યક્રમમાં સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજોના ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વક્તવ્યો, નૃત્ય અને ગીત દ્વારા સૈનિકો પ્રત્યેના પોતાના ભાવ પ્રગટ કર્યા હતા. વિદ્યાર્થીઓ પાસેથી આ પ્રસંગે સૈનિકો માટેના સંદેશા પણ એકત્ર કરવામાં આવ્યા હતા, જે આગામી રક્ષાબંધનના તહેવાર પ્રસંગે સૈનિકોને પહોંચાડવામાં આવશે. આ પ્રસંગે યુનિવર્સિટી રજિસ્ટ્રાર ડૉ. અપૂર્વ રાવલ, ડિરેક્ટર જનરલ ડૉ. રાગીન શાહ, પ્રોવોસ્ટ ડૉ. ઍમ ઍન પટેલ ઉપરાંત યુનિવર્સિટી સંલગ્ન સઘળી કૉલેજોના અધ્યાપકો, પ્રિન્સિપાલ ઉપસ્થિત રહ્યા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

# પત્રકારત્વના કોર્સમાં ગુરુવારથી શિક્ષણકાર્ય

## રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશની તક હજુ ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના નવા વર્ષના શિક્ષણકાર્યનો આરંભ ગુરુવારથી થઈ રહ્યો છે. આ કોર્સમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશની તક હજુ ઉપલબ્ધ છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી ઍન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કૅમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

### એટીઍમ સંસ્થાના ઉપક્રમે

# ગાંધીનગરમાં 'ચેક મેટ' નાટકનું મંચન કરાયું









ઍની ટાઈમ મસ્તી (એટીઍમ) સંસ્થા દ્વારા ગત સપ્તાહે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે 'ચેક મૅટ' નામક નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ સૅમ્યુલ ક્રિશ્ચિયન દ્વારા કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ નગરની ગણમાન્ય વ્યક્તિઓનું સન્માન સંસ્થા તરફથી કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ડિરેક્ટર અરવિંદભાઈ શાહ, નગરસેવક હર્ષાબા ધાંધલ, વિદ્યા ગ્રૂપ ઑફ ઍજ્યુકેશનના પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત અને નાટ્યકાર કુંતલ નિમાવતને સંસ્થા તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પુલક ત્રિવેદીએ નાટકનો પરિચય પ્રસ્તુત કર્યો હતો અને ત્યારબાદ નાટકનું મંચન કરવામાં આવ્યું હતું.

અર્નેસ્ટ લાર્સન દ્વારા લિખિત ખ્યાત નવલકથા 'ધી યુઝ્વલ સસ્પેક્ટ્સ' પર આધારિત આ નાટક સસ્પેન્સ થ્રીલર હતું, જેને પ્રેક્ષકોએ ભરપૂર માણ્યું ને વખાણ્યું હતું. પળેપળે રોમાંચ જગાવતા અને વધારતા નાટકે પરાકાષ્ટાનાં દૃષ્યોમાં પ્રેક્ષકોની ખૂબ વાહવાહી પ્રાપ્ત કરી હતી.

નાટકનું નિર્માણ તેજસ ટેલર દ્વારા, લેખન સૌમિલ કિકાણી અને દિગ્દર્શન મુનિર ખાન દ્વારા કરવામાં આવ્યું હતું. નીતિન મૌર્ય, કૃણાલ પારેખ, માનસી પીઠવા, મિતુલ લંકાપતિ, વિમલ પીઠવા, રાજન ખત્રી, રફિક લાખાણી, વિજય સીમ્પી, અભિષેક પંડ્યા, હાર્દિક કોટક, રાહુલ હમીરાની, જન્મેશ પટેલ, સૌમિલ કિકાણી અને પ્રવીણ પાનપાટીલે આ નાટકમાં વિવિધ ભૂમિકાઓ ભજવી હતી. સામાજિક અને કૉમેડી નાટકોથી દૂર હટીને સસ્પેન્સ, થ્રીલર નાટકના આ પ્રયોગને પ્રેક્ષકોને ગાંધીનગરના પ્રેક્ષકો દ્વારા સરાહનીય ગણવામાં આવ્યો હતો, જે બદલ સમગ્ર ટીમને નાટક પૂર્ણ થયા બાદ પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી લીધી હતી.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

## 'મારું પ્રિય પુસ્તક'